Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/૨૦૧૪૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૧૯/૧૨/૨૦૨૩
૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ
સુરત.

૨/- આ સાથે સામેલ પરિપત્રનો આપની કક્ષાએથી બાકી રહેલ તમામ શાળાઓએ યોગ્ય અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ખૂબ જ અગત્યનું/તાત્કાલિક

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,


સી-૬, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

**Email ID :- swo-sur@gujarat.gov.in**

ફોન નં. ૦૨૬૧ – ૨૪૬૪૪૩૦


નં.ના.નિ.અજાક/પ્રિ.મેટ્રીક/૨૦૨૩-૨૪/ ૩૪૦૪ થી ૩૪૦૯

તા. ૧૫/૧૨/૨૦૨૩

પ્રતિ

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,

(૨) શાસનાધિકારીશ્રી,

સુરત.

વિષય :- વર્ષ ૨૦૨૩-૨૪ની અનુસૂચિત જાતિના ધો-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ તથા સરસ્વતી સાધના યોજનાની બાકી કામગીરી પૂર્ણ કરવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અનુસૂચિત જાતિના ધો-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઈન કરવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત શાળા કક્ષાએ પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાની ઘણી દરખાસ્તો પડતર રહેલ છે તેવું જણાયેલ છે. **જે એક્ષેલ ફાઈલ મેઈલમાં આ સાથે સામેલ રાખેલ છે. જે-તે યોજનાની પ્રપોઝલ બનાવી હાયર ઓથોરીટીને તાત્કાલિક સેન્ડ કરી આપવી. તથા હજુ સુધી ઘણી શાળાઓ દ્રારા સાયકલની પ્રપોઝલ બનાવવામાં આવેલ નથી.જેથી પ્રપોઝલ તાત્કાલિક બનાવી હાયર ઓથોરીટીને સેન્ડ કરી આપવા આપની કક્ષાએથી જણાવવા વિનંતી છે.**

વધુમાં જણાવવાનું કે વર્ષ ૨૦૨૩-૨૪માં જે વિધ્યાર્થીઓની પ્રપોઝલ અત્રેની કચેરી દ્રારા પરત કરેલ છે. તેવા વિધ્યાર્થીઓના આધાર પુરાવા અત્રેની કચેરીને જમા કરાવવા અને જે વિધ્યાર્થીઓ અન્ય રાજ્યના હોય તેવા વિધ્યાર્થીઓ પાસે ગુજરાત રાજ્યનો પિતા અથવા તો વિધ્યાર્થીનો જાતિનો દાખલો હોય તો જ પ્રપોઝલ બનાવવી. જેની ખાસ તકેદારી રાખવા તથા પડતર કામગીરી દિન ૭માં પુર્ણ કરવા લિસ્ટ મુજબની તમામ શાળાઓને આપની કક્ષાએથી જણાવવા વિનંતી છે.જેથી વિધ્યાર્થીને શિષ્યવૃતિનું ચુકવણુ કરી શકાય.

વધુ માં જણાવવાનું કે જો કોઈ વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહી જશે તો તેની તમામ જવાબદારી જે-તે શાળાના આચાર્યશ્રીની રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

બિડાણ - એક્ષેલ ફાઈલ

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત